ગાંધીનગર સમાચાર



# ...ક્યાં સુધી આમ આદમીએ લાઈનમાં ઉભા રહેવાનું ?

ગાંધીનગર, તા. ૧૭

'સમરથ કો દોષ નહી ગુસાઈ..!'

નોટબંધીનો અમલ થતાં બેંકોની બહાર લાગેલી લાંબી કતારોમાં મોટા ઉદ્યોગપતિઓ, વેપારીઓ અને ઉચ્ચ સરકારી અધિકારીઓની ગેરહાજરી ઉક્ત પંક્તિને યથાર્થ સાબિત કરી રહી છે. કાળુ નાણુ જમા કરતા મુઠ્ઠીભર લોકોને સજા કરવા માટે સમગ્ર દેશના આમ આદમીને લાઈનમાં ઉભા રાખી દેવા એ ક્યાનો ન્યાય છે ? પાનના ગલ્લાથી પાર્લામેન્ટ સુધી આ જ ચર્ચાઓ થઈ રહી છે. ભ્રષ્ટાચારને ડામી શકવામાં અસમર્થ સરકાર અચાનક જ નોટબંધીનો ઉતાવળે નિર્ણય લઈ આમ આદમીને કનડી

**સમયસર**

રહી છે તે હકીકત છે.

વોટની લાઈનમાં ઉભા રહી ઢગલે ઢગલા વોટ આપી જેમને જનતાએ દેશના સર્વોચ્ચ સ્થાને બેસાડ્યા છે તેઓ આજે એ જ પ્રજાને બેંકોની બહાર કતારમાં ઉભી રાખી રહ્યા છે.

મોટા મગરમચ્છને મારવા નાના માછલાંઓનો ભોગ લેવાઈ રહ્યો છે. શાકભાજીનો વેપાર કરતા નાના વેપારીઓ, ગૃહિણીઓ, કરીયાણાવાળાઓ, પાથરણાવાળાઓ, કર્મચારીઓ, નિવૃત્ત વડીલો, શાળા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ બધા જ બેંકોની બહાર આખો દિવસ કતારમાં ઉભા રહે છે. ત્યારે માંડ તેઓને તેઓના જ મહેનતના પૈસા ટુકડે ટુકડે મળી રહ્યા છે. વેપાર-ઉદ્યોગ છેલ્લા બે અઠવાડિયાથી ઠપ્પ પડ્યા છે. જાણે બેંકો પાસે પોતાના જ પૈસાની ભીખ માંગવી પડી રહી છે. રોકડના અભાવે સૌ કોઈ હેરાન પરેશાન થઈ રહ્યા છે. નાણા વિભાગ, રીઝર્વ બેંક અને સરકારના તમામ દાવાઓ ખોટા સાબિત થઈ રહ્યા છે. કાળા નાણાના દુષણને ડામવા માટેનો સરકારનો નિર્ણય ભલે આવકારદાયક હોય પરંતુ નવી ચલણી નોટો સરકાર પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવી નથી રહી તે હકીકત હવે ધીમે ધીમે સામે આવી રહી છે. એટીએમ મશીનો બંધ છે. બેંકોમાં લાંબી લાંબી કતારો છે. બેંકોના અધિકારીઓ-કર્મચારીઓ મનમાની કરી રહ્યા છે. બેંકોના ધક્કા ખાઈ આમ આદમી હેરાન-પરેશાન થઈ રહ્યો છે. સામાન્ય માણસ જાય તો ક્યાં જાય ? બે હજારની નવી નોટના છુટ્ટા મળતા નથી, ૫૦૦ની નવી નોટ હજુ કોઈએ જોઈ નથી, ૧૦૦ રૂપિયાની નવી નોટોના અભાવે વિતરણનું કામ બેંકોએ સિમિત કરી નાખ્યુ છે. લોકોએ ખરીદી સમિતિ કરી નાખી છે. હરવા-ફરવા જવાનુ બંધ છે. જેની ઉદ્યોગ-ધંધા પર સીધી અસર પડી રહી છે. નાણાંની પુરતી ઉપલબ્ધતાના તમામ દાવાઓ હવે ખોટા સાબિત થઈ રહ્યા છે. રોકડમાં વ્યવહાર કેવી રીતે સરળતાથી થઈ શકશે તેની મુંઝવણ આમ આદમીને થઈ રહી છે, જ્યારે કાળુ નાણુ સંઘરીને બેઠેલા મોટા મોટા માથાઓ યેનકેન પ્રકારે ભાડે માણસો રાખીને બેંકોના અધિકારીઓની ઓળખાણના આધારે તેઓ આરામથી ઘરે બેઠા કાળા નાણાને ધોળા કરવાની કામગીરી કરી રહ્યા છે. કાળુ નાણુ અને ભ્રષ્ટાચારને ડામવામાં અસમર્થ સરકાર અચાનક જ આવા તિકડમ કરીને દેશની

● અનુસંધાન પાન-૭ પર

# શહેરની બેંકોમાં રૂપિયા ખુટી પડ્યા

## શહેરના મોટાભાગના એટીએમ રૂપીયા ન હોવાથી સુમસામ, જયારે કાર્યરત એટીએમ પાસે નાગરીકોની ભીડ

ગાંધીનગર, તા.૧૭ રૂ.૫૦૦ અને ૧૦૦૦ ની નોટોની નોટબંધીને પગલે શહેરમાં જાણે હડકંપ મચી જવા પામ્યો છે. આઠ દિવસનો સમય વિતી ગયો હોવા છતા બેંકની આસપાસમાંથી ભીડ ઓછી થવા પામતી નથી. આજે આઠમાં દિવસે પણ નગરની બેંકની આસપાસ નોટ એક્ષચેન્જ કરાવવા નાગરીકોની પડાપડી જોવા મળી હતી.જયારે કેટલીક બેંકોમાં નાણા ખુટી પડતા માત્ર ડિપોઝીટના નાણા સ્વીકારતા હતા. શહેરના વિવિધ સ્થળો પર આવલે એટીએમમાંથી કેટલાક એટીએમ કાર્યરત હતા. જયારે કેટલાક સ્થળોએ એટીએમ બંધ છે તેવા બોર્ડ લટકતા નજરે પડ્યા હતા.આરબીઆઈની ગાઈડ લાઈન મુજબ રૂપીયા એક્ષચેન્જ માટે કોઈ પણ વ્યકિત બે વાર આવે નહી તે આંગળી પર સહીનું નિશાન કરીને રૂપીયાની ચુકવણી બેંક દ્વારા કરવામાં આવી હતી. જયારે આવતીકાલથી માત્ર રૂ.૨૦૦૦ બેંક દ્વારા એક્ષચેન્જ કરી આપવાના હોવાથી આજે બેંકો બહાર માનવ મહેરામણ જામ્યો હતો.

નોટબંધીના નિર્ણયને આઠ દિવસનો સમયગાળો વિતી ગયો છે છતા જનજીવન પુનઃ ધબકતુ થવા પામ્યું નથી. છુટા પૈસાની પળોજણને પગલે વેપાર- ધંધા પર માઠી અસર થવા પામી છે. રોજ કમાઈને રોજ ખાતા હોય તેવા નાગરીકોની હાલત દિન પ્રતિદિન કફોડી બનતી જાય છે. શહેરમાં કાર્યરત નાના વેપારીઓને મુડીના રૂપીયા પણ નીકળતા નથી.જેને અનુલક્ષીને કેટલાક ચા-નાસ્તાના વેપારીઓએ લારી ગલ્લા

● અનુસંધાન પાન-૭ પર






## બેંક કર્મચારીની માનવતા

ગાંધીનગર આઈટીઆઈ ખાતે આજે ભંગારની હરાજી હોવાથી અમદાવાદથી એક વેપારી આવ્યા હતા. જયારે હરાજીમાં દરમિયાન કર્મચારીઓએ રૂ.૫૦૦ તેમજ ૧૦૦૦ની નોટ તેમજ ચેક સ્વીકારવાની ના પાડતા વેપારી મુંઝવણમાં મુકાયો હતો.આ વેપારી રૂપીયા એક્ષચેન્જ માટે ડીસીબી બેંક ખાતે આવી પહોંચ્યા હતા.છેલ્લા ઘણા દિવસોથી વર્ક લોડ હોવા છતા બેંકની બહાર હેન્ડીકેપ અને સિનિયર સિટીઝન નાગરીક પર નજર પડતા કર્મચારી બહાર દોડી આવ્યા હતા. અને બહાર જ વેપારીને તેમના સ્કુટર પર જ જરુરી પુરાવા આપ્યા હતા અને હાથ પર નિશાન કરીને કર્મચારીએ રૂપીયા એક્ષચેન્જ કરી આપ્યા હતા. ત્યારે લાઈનમાં કલાકોથી પણ વધુના સમયથી ઉભેલા નાગરીકો પણ કર્મચારીઓની કામગીરીથી ખુશ થઈ ગયા હતા. જેમાથી એક નાગરીક બોલી ઉઠ્યો હતો કે હજુ પણ માનવતા મરી પરવારી નથી.

# ખરીફ ઋતુમાં મગફળીના ઉત્પાદનનો જિલ્લામાં નવો વિક્રમ

**સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ઉત્પાદન વીઘાએ નોંધાયું : રખીયાલમાં સ્ટોરેજની કેપીસીટી પૂરી થઈ : માણસામાં નવુ ખરીદી કેન્દ્ર શરૂ કરાયું : ૩૨૦૦ ક્વીન્ટલ મગફળીની ખરીદી ખરીદ કેન્દ્રો દ્વારા કરવામાં આવી**

ગાંધીનગર, તા. ૧૭

સમગ્ર ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાએ મગફળીના પાકમાં વિક્રમી ઉત્પાદન મેળવી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં ખરીફ ૨૦૧૬ના ઉત્પાદનના અંદાજો જે ખેતી નિયામકની કચેરી દ્વારા અંદાજવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર જિલ્લાએ એક વિઘા જમીનમાં ૪૦ થી ૪૫ મણ જેટલુ મગફળીનું ઉત્પાદન મેળવેલ છે.

પરંપરાગત આ પાક ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકમાં થતો હોય છે પરંતુ સૌરાષ્ટ્રના જિલ્લાઓને પણ ઉત્પાદનમાં પાછળ ધકેલી જિલ્લાએ વિક્રમી ઉત્પાદન મેળવ્યુ છે. રાજ્યના ૩૨ જિલ્લાઓમાં ૨૦થી ૩૫ મણના ઉત્પાદનના અંદાજો સામે જિલ્લાએ ૪૦થી ૪૫ મણ ઉત્પાદન મેળવ્યુ છે. જે એક જિલ્લાના કૃષિ ઉત્પાદનમાં ઐતહાસિક ઘટના છે.

જિલ્લામાં આ વર્ષે પ્રથમવાર મગફળીનું વિક્રમી વાવેતર થયુ હતુ. જિલ્લામાં ૫૪૦૦ હેક્ટરમાં આ પાકનું વાવેતર થયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# મેયર સામેના પક્ષાંતર કેસમાં વધુ એક મુદત પડી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના મેયર સામે કરવામાં આવેલ પક્ષાંતર ધારા ભંગની ફરિયાદમાં આજે વધુ એક મુદત પડી છે.

અરજદાર કોંગ્રેસ પક્ષે સરકાર દ્વારા તેમના કેસને જાણી જોઈને વિલંબ કરવામાં આવી રહેલ છે. કોંગ્રેસના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યુ છે કે ૧ મહિનામાં નિર્ણય લેવા કરેલા હાઈકોર્ટના નિર્દેશ પછી પણ વિલંબ કરવામાં આવી રહ્યો છે.

તેમણે જણાવ્યુ છે કે આજે નામ નિર્દિષ્ટ અધિકાર દ્વારા મુદત અંગે કોઈ સત્તાવાર જાણ તેમને આજે પણ કરાઈ નથી અને હવે પછીની મુદતની પણ કરાશે તેમ કહી અરજદાર તરીકે અમને અન્યાય કરવામાં આવ્યો છે.

મેયર પ્રવિણ પટેલ સામે પક્ષાંતર ધારા ભંગની ફરિયાદમાં અત્યાર સુધીમાં ત્રણેક મુદત પડી ચુકી છે જે ઉલ્લેખનીય છે.



નોટ માટે નિશાની - વૉટ આપવા જમણા હાથની પ્રથમ આંગળીએ શાહીના નિશાનની પરંપરા આઝાદીકાળથી ચાલે છે... પરંતુ આજકાલ બેંકમાં નોટ બદલવા માટે પણ શાહીનું નિશાન કરાવવું પડે છે... વારંવાર થતી ફેરબદલીને નાથવા નાણામંત્રાલયનો નિર્ણય આવકારદાયક લાગે છે અને આકરો પણ લાગે છે...

# બેંક બહાર કતાર યથાવત : બ્લેક મની વ્હાઈટ કરવા દલાલો મેદાનમાં

**એક સપ્તાહના અંતે પણ સવાર પડતા જ બેંકો બહાર કતાર ખડી થઇ જાય છે : દલાલો અને લાઇનમેનના ત્રાસથી નોટો બદલાવાની રકમ ૨ હજાર કરી દેવાઇ હોવાનો સુર : આમ નાગરિકો હજુ મુંઝવણમાં**

ગાંધીનગર તા ૧૭

એક સપ્તાહના સમયના અંતે પણ નોટો બદલવા માટે બેંકોની બહાર હજુ કતાર યથાવત છે. બીજીતરફ બ્લેક મની વ્હાઈટ કરવા માટે લાઈન મેન ઉભા રાખી કાળાબજારીયાઓએ બને તેટલી રોકડ વ્હાઈટ કરવાનો કારસો અપનાવી લીધો હોવાનો સુર પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં નોટોની અદલાબદલી માટે દલાલો સક્રીય થતા સામાન્ય માણસની હેરાનગતિ વધી હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જયારે સરકાર દ્વારા નોટો બદલાવવા માટેની રકમ પણ આ કારણથી જ ઘટાડી દિધી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આ સઘળી સ્થિતિ વચ્ચે આમ નાગરિકોએ હજુ પણ કલાકો સુધી કતારમાં જ સમય વીતાવવો પડતો હોવાનો આક્રોશ પણ દિનપ્રતિદિન વધી રહયો છે.

એક હજાર તેમજ રૂ ૫૦૦ની નોટો બંધ થયા બાદ બેંકોમાં હરઘડીએ કતાર જોવા મળે છે. બેંકમાં રોકડ જમા કરાવવા તેમજ નોટો બદલવા માટે ભારે ભીડ જામે છે. નગરની બેંકો આસપાસ ટ્રાફિકના ધમધમાટ વચ્ચે સતત ચહલપહલ જોવા મળી રહી છે. આમ નાગરિકોની જરૂરિયાતને ધ્યાને લઇ સરકાર દ્વારા પ્રાથમિક તબક્કે રૂ ૪ હજારની નોટો બદલાવાની છુટછાટ આપવામાં આવી હતી. ત્યારબાદ રૂ ૪૫૦૦ સુધી નોટો બદલી આપવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ આ પરિસ્થિતમાં બેંકોમાં લાઇન ટુંકાતી નથી. અંતે હવે માત્ર રૂ ૨ હજારની નોટો જ બદલી અપાશે તેવી જાહેરાત પણ કરી દેવાઈ છે. ત્યારે આમ નાગરિકોની મુંઝવણ વધી છે. નોટો બદલવાની જાહેરાતના સપ્તાહના સપ્તાહ બાદ પણ રોજ સવાર પડતા જ આમ નાગરિકોએ બેંકની રાહ પકડવાનો વારો આવ્યો છે. બીજીતરફ દલાલો મેદાને આવતા બેંકની કતારમાં પોતાના ભાડુતી માણસો ઉભા રાખી સરળતાથી બ્લેક મની વ્હાઈટ કરવાનો કમિયો અપનાવી લીધો છે. જેના લીધે બજારમાં ઝડપથી કાળા નાણાં વ્હાઈટમાં કનવર્ટથતા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. બેંકો બહાર સવારથી જ લાગતી કતારમાં ખડા થવા માટે રૂ ૨૦૦ માં લાઈન મેનને ચુકવી જુની નોટોનો સરળતાથી નિકાલ કરવાનો બિનઅધિકૃત રસ્તો અપનાવી આમ નાગરિકોની તકલીફમાં વધારો કર્યો છે. દલાલો પણ બેંક બહારથી આ બધુ સરળતાથી મેનેજ કરી લેતા હોવાનો રોષ ભભુક્યો છે. રૂ ૪૫૦૦ ના બદલે હવે માત્ર રૂ ૨ હજારની નોટો જ બદલી આપવાની જાહેરાત પાછળ કદાચ આ દલાલોની વૃતિને ડામવાનો ઈરાદો પણ મુખ્ય હોવાનુ ચર્ચા સ્થાને છે.

# સે. ૭, ૨૨ અને ગોકુલપુરામાંથી ચિકનગુનિયાના ત્રણ કેસ મળ્યા

**છેલ્લા ત્રણ દિવસથી ડેન્ગ્યુના કેસો નોંધાયા નથી પણ ચિકનગુનિયાના કેસો મળતાં તંત્રમાં નવી ચિંતાનો ઉમેરો થયો છે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં છુટા છવાયા ડેન્ગ્યુના કેસો બાદ હવે ૩ ચિકનગુનિયાના કેસો નોંધાતા તંત્રમાં નવી ચિંતાનો ઉમેરો થયો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૭, ગોકુલપુરા અને સે. ૨૨માં આ કેસ નોંધાયા છે અને તે દર્દીઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ડેન્ગ્યુના નવા કેસ મળ્યા નથી પરંતુ ત્રણ ચિકનગુનિયાના કેસ મળી આવ્યા છે. શહેરમાં બદલાયેલા હવામાનને પગલે સામાન્યતઃ હવે વાહકજન્ય રોગચાળાના દર્દીઓ મળે નહિ પરંતુ ચિકનગુનિયાના ત્રણ કેસ મળતાં તંત્રની ચિંતામાં નવો વધારો થવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં અગાઉ એક સે. ૧૨માંથી ચિકનગુનિયાનો કેસ મળ્યો હતો. આમ શહેરમાં આ સિઝનમાં ચિકનગુનિયાના ચાર કેસ નોંધાયા છે.

તંત્ર દ્વારા મળી આવેલા આ દર્દીઓના નિવાસસ્થાનની આસપાસ

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com